જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

YEARS OF CELEBRATING THE MAHATMA

**તા.૦૪/૦૧/૨૦૨૫ શનિવાર**

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૭/૨૦૨૫

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૩ કેસ કરી, ૩૪ વ્યક્તિઓને ઝડપી, ૭૭ લીટર દેશી દારૂ, ૧૧૧ બોટલ ઈંગ્લીશ દારૂ, ૨૦૮ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૧૪૪ બિયર ટીન અને ૨ સ્કુટર કબજે કર્યા હતા. તેમજ જુગારધારા હેઠળ ૯ કેસ કરી ૩૫ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૯૪,૯૩૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૮/૨૦૨૫

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૭૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧ વ્યક્તિની અને પાસા હેઠળ ૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## ચોરીઃ- સમાચાર યાદી નં.૧૯/૨૦૨૫

**સાબરમતીઃ** લીલારામ સ/ઓ મહાદેવરામ ચૌધરી (ઉ.વ-૩૬) (રહે. ગોવિંદાપાનાઈ કેનનસટ્રીટ જ્યોર્જટાઉન ચેન્નાઈ તમીલનાડુ) એ તા.૦૩/૦૧/૨૦૨૫ ના રોજ સાબરમતી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૩૦/૧૨/૨૦૨૪ સાંજના ૬/૦૦ વાગે કાલુપુર રેલવે સ્ટેશનથી સાબરમતી રેલવે સ્ટેશન સુધીની શટલ ઓટોરિક્ષા મુસાફરી દરમ્યાન રીક્ષા ચાલકની મદદગારીથી રિક્ષામાં બેસેલ બે પુરૂષોએ લીલારામ ચૌધરીની નજર ચુકવી મોબાઈલ ફોન કિમત રૂપિયા ૧૫,૦૦૦/- ચોરી કરી લીધો હતો. જે મોબાઈલ ફોનના કવરમાં બે એ.ટી.એમ.કાર્ડ હતા, જે કાર્ડ પાછળ પીન નંબર લખેલ હતા. જે એ.ટી.એમ.કાર્ડ દ્વારા લીલારામ ચૌધરીના ખાતામાંથી કુલ રૂપિયા ૨,૮૯,૯૦૦/- ટ્રાન્જેક્શન કરી લીધા હતા. આ ગુનાની તપાસ પ્રો.પો.સ.ઇ.શ્રી વી.એચ.ચૌધરી ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૨૦/૨૦૨૫**

**સરખેજઃ** ભુમિબહેન વા/ઓ પંકજભાઇ (ઉ.વ.૨૪) (રહે. શક્તિનગર ન્યુ ફતેવાડી ધોળકા રોડ તલાવડીની બાજુમાં આઝાદનગર સરખેજ) એ અગમ્ય કારણસર તા.૦૩/૦૧/૨૦૨૫ સાંજના ૫/૪૫ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે સરખેજ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી વી.બી.પરમાર ચલાવે છે.

**વાસણાઃ** વાસણા અર્બન હેલ્થ સેન્ટર પાસે પ્રવિણનગર ગણેશ શેરી ખાતે દિનેશભાઇ શિકારીના સગીર વયના પુત્ર એ અગમ્ય કારણસર તા.૦૩/૦૧/૨૦૨૫ કલાક ૧/૧૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે વાસણા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પ્રો.પો.સ.ઇ.શ્રી એ.ડી.જાદવ ચલાવે છે.

**રામોલઃ** (૧) ગોપાલ કનુભાઈ કાંસકીયા (ઉ.વ.૨૧) (રહે. કાંસકીયા વાસ રતનપુરા વસ્ત્રાલ) એ અગમ્ય કારણસર તા.૦૨/૦૧/૨૦૨૫ રાતના ૧૦/૧૫ વાગ્યા પહેલા રહેણાંક નજીક આઇસર ગાડીના પાછળના ભાગે દોરડું બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી જેરામભાઈ વાલજીભાઈ ચલાવે છે.

**રામોલઃ** (૨) કેતનકુમાર મનહરલાલ ચૌહાણ (ઉ.વ.૩૧) (રહે. સિહેશ્વરી સોસાયટી સિંધવાઇ માતાના મંદીર પાછળ રામોલ રોડ) એ અગમ્ય કારણસર તા.૦૩/૦૧/૨૦૨૫ સવારના ૭/૩૦ વાગ્યા પહેલા પોતાના ઘરે છતના હુકમાં ચાદર બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી લક્ષ્મણભાઇ બાબુભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી